# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહનું પ્રથમ સેમેસ્ટરનું પરિણામ જાહેર

## શાળાઓને ડીઓ ઓફિસમાંથી વિદ્યાર્થીઓને પરિણામ મેળવવા જણાવાયું : ૩૧૮ વિદ્યાર્થીને ઈ-૧, ઈ-૨ ગ્રેડ

અમદાવાદ,તા. ૨૪ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(ગાંધીનગર) દ્વારા વિજ્ઞાન પ્રવાહના એચએસસી સેમેસ્ટર-૧ (ધોરણ-૧૧)નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ. આ પરીક્ષામાં ૧૧૭૦૫૭ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા જે પૈકી ૧૧૬૯૪૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા તે પૈકી ૧,૧૫,૪૩૯ વિદ્યાર્થીઓ ક્રમશઃ એ-૧, એ-૨ અને બી-૧, બી-૨, સી-૧, સી-૨, ડી ગ્રેડ મેળવ્યા છે.

જ્યારે બાકીના ૬૧૮ વિદ્યાર્થીઓએ ઈ-૧, ઈ-૨ ગ્રેડ મેળવ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા ચાર સેમેસ્ટર સુધી પરીક્ષા લેવામાં આવી હતી જેમાં ચોથા સેમેસ્ટરના આધારે વિદ્યાર્થીના પાસ નપાસની જાહેરાત કરવામાં આવશે. શાળાઓને ડીઓ ઓફિસથી વિદ્યાર્થીઓના પરિણામ મેળવી લેવાની જાણ કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહમાંથી પ્રથમ સેમેસ્ટરમાં એ ગ્રુપના ૭૪૬૦૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ૭૪૫૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. બી ગ્રુપમાં ૪૨૪૦૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જે પૈકી ૪૨૩૬૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે એબી ગ્રુપમાં ૪૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ૪૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રીતે કુલ ૧૧૭૦૫૭ વિદ્યાર્થીઓ પૈકી ૧૧૬૯૪૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે બોર્ડ તરફથી તમામ આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. બોર્ડની પરીક્ષા સમિતિની ચોથી સપ્ટેમ્બરના રોજ બેઠક મળી હતી જેમાં એક ઠરાવ કરવામાં આવ્યો હતો આ ઠરાવ મુજબ ધોરણ -૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિ હેઠળ વિદ્યાર્થીઓએ તેના ચારેય સેમેસ્ટરમાં જે તે વિષયમાં મેળવેલા ગુણનો સરવાળો કરવામાં આવશે અને વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલા સરેરાશ ગુણ જો ૩૩ કે તેથી વધુ હશે તો તે વિષયમાં પાસ જાહેર કરવામાં આવશે. હવે વિદ્યાર્થીઓને જે તે વિષયમાં અથવા તો એકંદરે જે તે સેમેસ્ટરમાં મેળવેલા ગુણના આધારે ઉત્તીર્ણ કે અઉત્તીર્ણ જાહેર કરવામાં આવશે નહીં. જેથી પ્રથમ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓનું પરિણામ પાસ કે નાપાસ આપવામાં આવ્યું નથી.

### સેમેસ્ટર -૧ના આંકડા...

**નોંધાયેલા ઉમેદવાર**

| વિગત | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | કુલ |
|---|---|---|---|
| નિયમિત ઉમેદવાર | ૭૬૭૭૩ | ૪૦૧૮૮ | ૧૧૬૯૬૧ |
| રીપીટ ઉમેદવાર | ૭૬ | ૨૦ | ૯૬ |
| કુલ | ૭૬૮૪૯ | ૪૦૨૦૮ | ૧૧૭૦૫૭ |

**ઉપસ્થિત ઉમેદવાર**

| વિગત | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | કુલ |
|---|---|---|---|
| નિયમિત ઉમેદવાર | ૭૬૭૧૩ | ૪૦૧૫૫ | ૧૧૬૮૬૮ |
| રીપીટ ઉમેદવાર | ૫૪ | ૧૮ | ૭૨ |
| કુલ | ૭૬૭૬૭ | ૪૦૧૭૩ | ૧૧૬૯૪૦ |

### ગાંધીનગરની શાળાઓનું પરિણામ

| | |
|---|---|
| શેઠ સી.એમ.હાઈ. | ૧૦૦ટકા |
| આર.જી. પટેલ સ્કુલ | ૧૦૦ટકા |
| આર.સી. પટેલ સ્કુલ | ૧૦૦ટકા |
| એમ.ડી. પટેલ સ્કુલ | ૧૦૦ટકા |
| સ્કુલ ઓફ ઈન્ફોસીટી | ૧૦૦ટકા |
| સ્કૂલ ઓફ એચિવર્સ | ૧૦૦ટકા |
| સેંટ ઝેવિયર્સ સ્કૂલ | ૧૦૦ટકા |

### ગાંધીનગરના ટોપર્સ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | ૫૦૦માંથી મેળવેલા ગુણ |
|---|---|---|---|
| ૧ | આદિત્ય ઠક્કર | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | ૪૮૭ |
| ૨ | સાહિલ પટેલ | સ્કૂલ ઑફ એચીવર | ૪૭૯ |
| ૩ | આશિષ જૈન | ઈન્ફોસિટી જુ. સાયન્સ કૉલેજ | ૪૭૭ |
| ૪ | દ્રૌણ ત્રિવેદી | સેન્ટ ઝેવિયર્સ | ૪૭૫ |
| ૫ | ગુંજન રામાણી | શેઠ સી એમ હાઈસ્કૂલ | ૪૭૪ |
| ૬ | સ્વપ્નીલ નાયડે | ઈન્ફોસિટી જુ. સાયન્સ કૉલેજ | ૪૭૨ |
| ૭ | લીસાબેન પટેલ | સ્કૂલ ઑફ એચીવર | ૪૭૧ |
| ૭ | યશ પટેલ | સ્કૂલ ઑફ એચીવર | ૪૭૧ |
| ૮ | રીમા પટેલ | શેઠ સી એમ હાઈસ્કૂલ | ૪૭૦ |
| ૮ | મિહીર મહેતા | સ્કૂલ ઑફ એચીવર | ૪૭૦ |
| ૯ | હર્ષ શાહ | એમ બી પટેલ સ્કૂલ | ૪૬૮ |
| ૧૦ | વૈભવ પટેલ | સ્કૂલ ઑફ એચીવર | ૪૬૬ |
| ૧૦ | અશ્વસ્થ શાથીશાત | સેન્ટ ઝેવિયર્સ | ૪૬૬ |
| ૧૧ | દીપ કાપડિયા | શેઠ સી એમ હાઈસ્કૂલ | ૪૬૫ |
| ૧૨ | શર્વીલ દુલેરા | સ્કૂલ ઑફ એચીવર | ૪૬૪ |
| ૧૨ | કલગી ત્રિવેદી | સ્કૂલ ઑફ એચીવર | ૪૬૪ |
| ૧૨ | શ્રુતિ કપોરા | સ્કૂલ ઑફ એચીવર | ૪૬૪ |
| ૧૨ | ધ્રૃવ શ્રીમાળી | સેન્ટ ઝેવિયર્સ | ૪૬૪ |
| ૧૩ | ફેનીલ પટેલ | શેઠ સી એમ હાઈસ્કૂલ | ૪૬૩ |
| ૧૪ | સાહિલ કુરેશી | શેઠ સી એમ હાઈસ્કૂલ | ૪૬૨ |
| ૧૪ | આદિત્ય પરમાર | સ્કૂલ ઑફ એચીવર | ૪૬૨ |
| ૧૫ | કુંતલ નાયક | સ્કૂલ ઑફ એચીવર | ૪૬૧ |
| ૧૫ | સ્મિત પટેલ | શેઠ સી એમ હાઈસ્કૂલ | ૪૬૧ |

# ગાંધીનગરમાં ક્રિસમસ અને ન્યૂ યરની ઉજવણીનો માહોલ





## કેક, પેસ્ટ્રી, બિસ્કીટની અવનવી ફલેવર બજારોમાં ઉપલબ્ધ : વિવિધ ગીફ્ટ આર્ટીકલ્સ અને સાજસજાવટની ચીજો ખરીદવા માટે બજારોમાં ભીડ જામી

ગાંધીનગર, તા.૨૪ ક્રિસમસ અને ન્યુયર સેલિબ્રેશન્સ માટે ગાંધીનગરમાં જોરદાર તૈયારીઓ થઈ રહી છે. આ તહેવાર હવે માત્ર ખ્રિસ્તી ધર્મ પુરતો મર્યાદિત રહ્યો નથી. બધા જ લોકો હવે તેની ઉજવણીમાં જોડાય છે. ગાંધીનગરના બજારોમાં પણ ક્રિસમસની ઉજવણીનો માહોલ છવાઈ ગયો છે. આખું શહેર જાણે ફેસ્ટીવલ મુડમાં આવી ગયું છે.

નાતાલ પર્વની ઉજવણી આખા વિશ્વમાં ખુબ ધામધુમથી થાય છે ત્યારે ગુજરાતનું પાટનગર તેમાંથી કેવી રીતે બાકાત રહે. ખાસ કરીને બાળકો અને યુવાનો ખુબ ઉત્સાહથી આ પર્વની ઉજવણી કરે છે. ૨૫મી ડિસેમ્બરથી શરુ થતી નાતાલની ઉજવણી ૧લી જાન્યુઆરી એટલે કે અંગ્રેજી નવા વર્ષ સુધી ચાલે છે. ચર્ચમાં દરરોજ સવાર-સાંજ ખાસ પ્રાર્થનાનું આયોજન થાય છે. ખ્રિસ્તીઓ એકબીજાના ઘરે જઈ નાતાલ અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવે છે. આ દિવસો દરમિયાન ખાસ કેક અને પેસ્ટ્રીથી એકબીજાનું મોં મીઠું કરાવવામાં આવે છે. નાતાલની સ્પેશ્યાલીટી ગણાતી પલ્મ કેક અને પેસ્ટ્રી તથા બિસ્કીટ ગાંધીનગરના બજારોમાં મળી રહ્યા છે. ક્રિશ્ચનો ઉપરાંત અન્ય વસાહતીઓ પણ આ ખાસ કેકનો સ્વાદ માણી રહ્યા છે. નવા વર્ષની શુભકામનાઓ પાઠવવા માટે એકબીજાના ઘરે જતા ખ્રિસ્તીઓ ચોકલેટની ગીફ્ટ આપવાનું પસંદ કરે છે. આથી ચોકલેટના ગીફ્ટ પેક પણ બજારોમાં ઉપલબ્ધ બન્યા છે. આ ઉપરાંત અન્ય ગીફ્ટ અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા કાર્ડથી ગીફ્ટ આર્ટીકલ્સની દુકાનો ઉભરાઈ રહી છે. ક્રિસમસ ટ્રીને સજાવવા માટેની ચીજવસ્તુઓ, સ્ટાર, લાઈટીંગ અને અન્ય ડેકોરેશનની નાની મોટી ચીજવસ્તુઓ ખરીદવા પણ બજારોમાં ભીડ જોવા મળી રહી છે. નતાલથી નવા વર્ષ સુધી સળંગ છ દિવસ શહેરમાં ઉજવણીનો માહોલ જામશે.

# જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરને રિજનલ કોન્ફરન્સમાં છ એવોર્ડ

**મોસ્ટ આઉટસ્ટેન્ડીંગ ગૃપ, બેસ્ટ પ્રેસીડેન્ટ ઓફ ધ યર, બેસ્ટ ઝોન કો-ઓર્ડિનેટર, બેસ્ટ ગૃપ ડિરેક્ટરી, એવોર્ડ ઓફ એક્સલન્સ ફોર સ્પોન્સરીંગ રિજન અંતાક્ષરી પ્રોગ્રામ અને એવોર્ડ એક્સલન્સ ફોર સ્પોન્સરીંગ વિજયનગર ગૃપ જેવા એવોર્ડ પોતાના નામે કર્યા**

ગાંધીનગર, તા. ૨૪ જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરે ગુજરાત રિજનમાં એકસાથે છ એવોર્ડ જીતી લઈને ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

જૈન સોશ્યલ ગૃપની ગુજરાત રિજનની કોન્ફરન્સ તાજેતરમાં આણંદ ખાતે મળી હતી, જેમાં રિજનના ૪૮ જેટલા સોશ્યલ ગૃપ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરે ૬ જેટલા એવોર્ડ જીતીને સપાટો બોલાવી દીધો હતો.

ગૃપે મોસ્ટ આઉટસ્ટેન્ડીંગ ગૃપ, બેસ્ટ પ્રેસીડેન્ટ ઓફ ધ યર (આર ડી ગાંધી), બેસ્ટ ઝોન કો-ઓર્ડિનેટર (અરવિંદ શાહ), બેસ્ટ ગૃપ ડિરેક્ટરી, એવોર્ડ ઓફ એક્સલન્સ ફોર સ્પોન્સરીંગ રિજન અંતાક્ષરી પ્રોગ્રામ અને એવોર્ડ એક્સલન્સ ફોર સ્પોન્સરીંગ વિજયનગર ગૃપ જેવા એવોર્ડ પોતાના નામે કરીને સૌની પ્રશસ્તિ મેળવી હતી.

# સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે દિવ્ય દર્શન પ્રદર્શન

## પ્રદર્શન ૩૧મી સુધી સવારે ૯થી સાંજે ૬.૩૦ દરમ્યાન ખુલ્લું રહેશે



ગાંધીનગર, તા. ૨૪ સેક્ટર-૨૩માં સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી મહારાજની દીક્ષાને ૫૫ વર્ષ પૂર્ણ થવાના અનુલક્ષમાં દિવ્ય દર્શન પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ પ્રદર્શનની વિશેષતા એ છે કે અહીં પુલહાશ્રમ, હિમાલય ખાતેની આબેહૂબ પ્રતિકૃતિનાં દર્શન થાય છે. આ પુલહાશ્રમ ઉપર ૧૦૮ ગંડક ગંગાધારાનું પણ દર્શન થાય છે તેમજ અહીં માનસરોવરની ચિત્ર કૃતિ પણ તૈયાર કરવામાં આવી છે.

આ પ્રદર્શનમાં ૧૭૦થી પણ વધારે સત્સંગી બહેનો દ્વારા મોતીકલાની ૩૦૦થી પણ વધુ ચીજવસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. અહીં ૧૪૯ દેશોના ચલણી સિક્કાઓ, ૧૪૨ દેશોના પોસ્ટલ સ્ટેમ્પ્સ તથા ભારતના ૧૫૦ જેટલા ફર્સ્ટ ડે કવર પણ લોકોનું આકર્ષણ ખેંચી રહ્યાં છે.

પ્રદર્શનના ચરણ ચિંતામણી વિભાગમાં ભગવાનના ચરણાર્વિંદનાં ચિન્હોની માહિતી તેમજ ખૂબ જ સુંદર પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે, જેમાં જમણા પગમાં ૯ ચિન્હો અને ડાબા પગમાં ૭ ચિન્હો દર્શાવવામાં આવ્યાં છે.

આ જ વિભાગમાં ૧૯ મિનિટનું વિડીયો નિદર્શન પણ રાખવામાં આવ્યું છે, જેમાં મંદિરના નિર્માણથી લઈ અત્યાર સુધીના પ્રસંગોને આવરી લેવામાં આવ્યા છે.

પ્રદર્શનમાં ગેમ્સનો વિભાગ બાળકો માટે આકર્ષણરૂપ બની રહ્યો છે. આજે વસંતકુંવરબા તેમજ આરાધના સ્કૂલના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

જાહેર જનતા માટે આ પ્રદર્શન ૩૦ ડિસેમ્બર, ૨૦૧૨ સુધી સવારે ૯થી સાંજના ૬ વાગ્યા સુધી ખુલ્લું રહેશે, એવી માહિતી મંદિર દ્વારા આપવામાં આવી છે.

# તાપમાન વધ્યું પરંતુ ઠંડા પવનોના કારણે ઠંડીની અસર વધુ થાય છે

ગાંધીનગર, તા.૨૪ છેલ્લા બે દિવસથી વધેલું ઠંડીનું જોર ગઈ રાત્રે ઘટ્યું હતું. પરંતુ પવન જોરદાર ફુંકાતો હોવાથી દિવસે પણ ઠંડી વધુ વર્તાય છે.

ડિસેમ્બરના અંત ભાગમાં ઠંડીનું જોર વધ્યું છે. છેલ્લા બે દિવસથી ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ઠંડી વધી હતી પરંતુ ગઈકાલે રાત્રે ઠંડીનું જોર થોડુંક ઘટ્યું હતું. લઘુત્તમ તાપમાન જે બે દિવસ અગાઉ ૧૨ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું તે ગઈ રાત્રે વધીને ૧૪ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

તાપમાન વધ્યું છે પરંતુ પવનનું જોર વધુ હોવાથી ઠંડક વધુ લાગે છે. દિવસે પણ પવન વાતો હોવાથી ઠંડક વધુ અનુભવાય છે. તડકો નીકળે તે પછી જ થોડીક રાહત થાય છે.

# જૈન સોશ્યલ ગૃપ દ્વારા આજે સ્નેહમિલન

## નિષ્ણાત ડાયેટિશીયન્સ દ્વારા 'બેસ્ટ ફૂડ હેબીટ્સ' વિષયે માર્ગદર્શન આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૪ જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૩ને આવકારવા માટે એક ગેટ-ટુગેધર કાર્યક્રમનું આજે આયોજન કરવામાં આવ્યું છે, જેમાં નિષ્ણાત ડાયેટિશીયન્સ દ્વારા 'બેસ્ટ ફૂડ હેબીટ્સ' વિષયે માર્ગદર્શન આપવામાં આવશે.

સંસ્થાના પ્રમુખ આર ડી ગાંધીએ આ કાર્યક્રમ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે કાર્યક્રમ તા. ૨૫મી ડિસેમ્બરના રોજ સવારે કોમ્યુનિટી હોલ, સેક્ટર-૭ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

જેમાં સવારે ૧૦થી ૧૧.૩૦ દરમ્યાન શેલ્બી હૉસ્પિટલ્સ, અમદાવાદના ડાયેટિશીયન ચેતના રાજ્યગુરુ અને ક્રિપા કારિયા 'બેસ્ટ ફૂડ હેબીટ્સ' વિષયે માર્ગદર્શન આપશે. ત્યારબાદ ૧૨ વાગ્યા સુધી ગણિત ગમ્મતનો કાર્યક્રમ યોજાશે અને ૧૨.૩૦ સુધી નવી કારોબારીની રચના અંગે ચર્ચા કરવામાં આવશે. એ પછી સમૂહ ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગૃપના સૌ સભ્યોને આ કાર્યક્રમમાં પધારવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

# શિવરંજનીની યાદગાર ગઝલ સંધ્યા : આજ જાને કી જીદ ના કરો

ગાંધીનગરની પ્રતિષ્ઠિત કલાસંસ્થા શિવરંજની એના કાર્યક્રમની વિશિષ્ટતા માટે જાણીતી બની છે. 'તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું' - મનોજ ખંડેરિયાની જેમ શિવરંજનીએ પણ ઢોલીયો ઢાળી ગઝલનો દીવો પ્રગટાવી તાજેતરમાં 'આજ જાને કી જીદ ના કરો' શિર્ષક હેઠળ મુંબઈ અને જયપુરથી અલગ અલગ રીતે આવેલા યુવાન કલાકારોની ગઝલ ગાયકીનો કાર્યક્રમ યોજ્યો જેને ગુણીજનોની ખૂબ દાદ મળી.




મુંબઈના કલાકાર અર્ચિતા ભટ્ટાચાર્ય મૂળભૂત રીતે બંગાળના ત્યારબાદ ઉછરેલા મધ્યપ્રદેશમાં અને કલાકાર તરીકે મુંબઈમાં સ્થાયી થયા છે અને તેઓ ગઝલ ઉપરાંત શાસ્ત્રીય સંગીતના અને સુફી ગાયકીના પણ સિદ્ધહસ્ત ગાયિકા છે. આ વાત તેમણે કાર્યક્રમ દરમ્યાન પણ ખૂબ સુંદર રીતે ઉપસાવી. અન્ય કલાકાર ઈરફાન હુસેન જયપુર, રાજસ્થાનથી આવેલા. જયપુર, રાજસ્થાનમાંથી ગઝલ ગાયકીના ઉત્તમ કલાકારો જગજિતસિંહ, મહેંદી હસન વગેરે મળેલા છે અને ઈરફાન હુસેન પણ મહેંદી હસનના કુટુંબીજન થાય છે.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાનતા કારોબારી સભ્ય અતુલભાઈ રાવલે કલાકારોનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ વાગ્મિન બૂચ દ્વારા આ કલાકારોની વિશિષ્ટતાઓનો ટૂંકમાં ઉલ્લેખ થયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ઈરફાન હુસેન દ્વારા જગજિતસિંહની ખૂબ જ જાણીતી અને સુંદર ગઝલ 'તુમ કો દેખા તો યે ખયાલ આયા' શરૂ કરીને આ ગઝલ સંધ્યાનો માહોલ જમાવી દીધો. ત્યારબાદ 'ચૂપકે ચૂપકે રાત-દિન આંસુ બહાના યાદ હૈ...' જેવી પ્રખ્યાત ગઝલથી કાર્યક્રમમાં જમાવટ આવી ગઈ. ઈરફાન હુસેને વિવિધ જગ્યાએ હરકતો, મુરકી વગેરેને ગાયકીમાં પેશ કરી તેમની ગાયકીનું ઊંડાણ પણ દર્શાવ્યું અને સંગીતના જાણકારોએ એને ખાસ દાદ આપી.

એ પછી અર્ચિતા ભટ્ટાચાર્યએ ચિત્રા દત્તની ઊંચા પ્રકારની ગઝલ 'રાત ભી નીંદ ભી કહાની ભી...'ની રજૂઆત કરી. આ સુંદર ગઝલ રજૂ કરતી વખતે અર્ચિતાએ ખાસ પ્રકારના આલાપથી તેની શરૂઆત કરી અને સચોટ લગાવથી એમણે શાસ્ત્રીય સંગીતના રિયાઝની પ્રતીતિ કરાવી જેનો શિવરંજનીના ગુણીજનોએ તુરત જ ઓળખીને દાદ આપી, એને માટે શિવરંજનીના ગુણીજનોને પણ અભિનંદન આપવા ઘટે. ત્યારબાદ અર્ચિતાએ હરિહરનજીની 'મરીઝે ઈશ્ક કા ક્યા હૈ... જીયા ના જીયા...' રજૂ કરી. ઈરફાને ગુલામ અલીની સદાબહાર ગઝલ 'હંગામા હે ક્યું.. થોડી સી જો પી લી હૈ...' રજૂ કરી. ઈરફાન હુસેન અને તબલાવાદક ગુલામ ગોસે આ ગઝળને બખૂબી ઊઠાવ આપ્યો.

ગુજરાતી ઑડિયન્સને ધ્યાનમાં રાખીને પંકજ ઉધાસની 'ચાંદી જૈસા રંગ હે તેરા...' પણ રજૂ કરવામાં આવી હતી. એ પછી 'હમ તો હે પરદેશમેં, દેશ મેં નીકલા હોગા ચાંદ...' તથા 'ફિર ચલી બાત' ડ્યુએટની રજૂઆત થઈ.

એ પછી '૨૪મે ઉલ્ફત કો નિભાયે તો કૈસે', 'આઓગે જબ તુમ ઓ સાજના, અંગના ફૂલ ખીલેંગે...', 'રંજિશ હી સહી, દિલ કો લુભાને કે લીયે...', 'ચિઠ્ઠી આયી હૈ...', 'આજ જાને કી જિદ ના કરો...', 'અબ કે હમ બિછડે તો શાયદ કભી ના ખયાલો મેં મિલે...', 'દર્દ સે મેરા દામન ભર દે, યા અલ્લાહ ફીર ચાહે, દિવાના કર દે યા અલ્લાહ...' રજૂ થઈ અને મહેફિલની સમાપ્તિ થઈ. એ પહેલાં પ્રેક્ષકોની ફરમાઈશથી અર્ચિતાએ એક બંગાળી રચના પણ રજૂ કરી ને દાદ મેળવી.

આ કાર્યક્રમની ખૂબી એ રહી કે બે યુવાન અને તદ્દન જુદા રાજ્યોના ગાયકોને ગાંધીનગરમાં રજૂ કરીને શિવરંજનીએ એક મૌલિકતા અને સંગીત પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવી જ્યારે બંને ગાયકોએ પણ એવી જ રજૂઆત કરીને ગઝલની મહેફિલમાં જમાવટ કરી.